# આઝાદીના ૭ દાયકા પછી પણ રસ્તો પહોળો કરવાનું ભૂલાયું

**આકરૂન્દ-હીરાપુરકંપાને જોડતા ૮ કી.મી. માર્ગને પહોળો કરો, અકસ્માતનું પ્રમાણ વધ્યું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

ધનસુરા તાલુકાના આકરૂન્દ-હીરાપુરકંપાને જોડતા ૮ કી.મી. માર્ગને પહોળો કરવા માટેની માંગ બુલંદ બની રહી છે. આઝાદીના ૭ દાયકા પછી પણ રસ્તો પહોળો કરવાનું ભૂલાયું છે. રસ્તામાં ઠેર ઠેર ગાબડાં પડ્યાં છે પરંતુ ડામરકામ થતું નથી. આર. એન્ડ બી. જિલ્લા પંચાયત માત્ર થીગડાં મારી કામનો સંકેલો કરી રહ્યું છે. ૭૦ વર્ષમાં સાધનોની સંખ્યા અનેક ગણી થઈ પરંતુ રસ્તો પહોળો ન થતાં અને લચી પડેલાં વૃક્ષના કારણે માર્ગ અકસ્માતનું પ્રમાણ વધ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ્ય માર્ગોને આધુનિક બનાવવાના પ્રયાસ શરૂ થયા છે પરંતુ ધનસુરા તાલુકાના અનેક ગામો આઝાદીના દાયકાઓ પછી પણ રસ્તાઓ



પહોળા કરવાની કામગીરી કેટલાક વિસ્તારોમાં ભૂલાઈ છે. આકરૂન્દ પંથકના લોકોનો બાયડ સાથે વેપારીક નાતો રહ્યો છે તેમજ આ વિસ્તારની પ્રજા સારવાર માટે પણ પ્રથમ પસંદગી બાયડ હોય છે. આઝાદીના દાયકાઓ પછી પણ આકરૂન્દ-હીરાપુરકંપા-ઉજળેશ્વર બસ સ્ટેશનને જોડતો માર્ગ આજદિન સુધી પહોળો થયો નથી. અગાઉ માત્ર થોડું ઘણું વાયડરીંગ કરાયું અને પછી કામ ક્યાં આટોપાઈ ગયું તે હજુ બહાર આવ્યું નથી. આર. એન્ડ બી. જિલ્લા પંચાયત દ્વારા થીગડાં મારીને મોટાં બીલ મૂકવામાં આવતાં હોવાના પણ લોક આક્ષેપ થઈ રહ્યા છે. ચોમાસુ શરૂ થાય તે પહેલાં ૮ કી.મી. માર્ગ ઉપર સામાન્ય થીગડાં મારી તંત્રએ સંતોષ માન્યો પરંતુ આ વિસ્તારની પ્રજા માટે મહત્વના માર્ગને પહોળો કરવાનું તંત્રને સૂઝતું નથી. આ અંગે આ વિસ્તારના આગેવાનો દ્વારા મુખ્ય મંત્રી તેમજ માર્ગ અને મકાન વિભાગના મંત્રીને લેખિત રજૂઆત થયાનું જાણવા મળ્યું છે.

# કોરોના ડેલ્ટાપ્લસની એન્ટ્રી : ઉત્તર ગુજરાતમાં ફફડાટ, આરોગ્ય વિભાગ સજાગ બન્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

આખરે જે દહેશત હતી તે હકીકતમાં ફેરવાઈ રહી છે. કોરોનાના ડેલ્ટાપ્લસની ગુજરાતમાં એન્ટ્રી થઈ છે. વડોદરા અને સુરતમાં ૧-૧ કેસ નોંધાયા પછી ઉત્તર ગુજરાતમાં પણ ડેલ્ટાપ્લસની એન્ટ્રીની સંભાવના વધતાં પ્રજામાં ફફડાટ વ્યાપ્યો છે. આરોગ્ય વિભાગ સજાગ બન્યો છે. ગુજરાતના બે શહેરી વિસ્તારોમાં ડેલ્ટાપ્લસના દર્દી નોંધાયા પછી કોરોનાની ત્રીજી લહેર પહેલાં રાજ્યમાં કેવી સ્થિતિ ઉભી થશે તેને લઈને પ્રજામાં દહેશતનો માહોલ છે. પરંતુ પ્રજાએ હવે ધૈર્ય સાથે તેનો મુકાબલો કરવા સક્ષમ બનવું પડશે.

ઉત્તર ગુજરાતને કોરોનાની બીજી લહેરમાં મોટી તબાહી ભોગવી છે. કોરોનાના કારણે અસંખ્ય લોકો મોતને ભેટ્યા છે. લાખો લોકો સંક્રમિત થયા છે તે પૈકી ૧૫ ટકાથી વધુ સંક્રમિત દર્દીઓ આજે પણ ૨-૫ ડગલાં ચાલે એટલે શ્વાસ ચઢી જાય છે. કોરોનાના કહેરમાંથી બહાર આવ્યા પછી અનેક દર્દીઓના પેટ ફૂલી ગયા છે, અનેક દર્દી હજુ પણ કંઈ બરાબર શરીર રહેતું નથી, સ્ફૂર્તિ જણાતી નથી તેવી ફરિયાદ કરી રહ્યા છે. દેશમાં કોરોનાનો નવો વોરિયન્ટ જોવા મળતાં દહેશત ઉભી થઈ હતી પરંતુ ગુજરાત તેનાથી બાકાત હતું અને હવે ગુજરાતના મધ્ય અને દક્ષિણ ગુજરાતના શહેરી વિસ્તારમાં કોરોનાના ડેલ્ટાપ્લસ વોરિયન્ટના કુલ-૨ કેસ બહાર આવતાં કેન્દ્ર અને રાજ્યના આરોગ્ય વિભાગ એલર્ટ મોડ ઉપર આવી ગયા છે. જ્યારે આરોગ્ય વિભાગનું માનવું છે કે કોવિશિલ્ડ અને કોવેક્સિન રસી ડેલ્ટાપ્લસ વોરિયન્ટ સામે સૌથી વધુ અસરકારક છે. દેશમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૨૧ કેસ નોંધાયા છે ત્યારબાદ તમિલનાડુ, મધ્યપ્રદેશ, કેરળ અને હવે ગુજરાતમાં પણ ડેલ્ટાપ્લસના કેસનો પગપેસારો થયો છે. દેશના ૧૧ રાજ્યોમાં કેસ નોંધાયા છે.

## ડેલ્ટાપ્લસ કોરોના વાયરસ શું છે..??

છેલ્લા એક સપ્તાહથી કોરોનાના ડેલ્ટાપ્લસ સ્વરૂપને લઈને દેશ સહિત ગુજરાતમાં ચિંતા જોવા મળી છે. ત્યારે પ્રજાને સ્વાભાવિક જ થાય કે ડેલ્ટાપ્લસ વોરિયન્ટ શું છે. જાણવા મળ્યા મુજબ દેશના કેટલાક વિસ્તારોમાં અગાઉ ડેલ્ટા નામનો કોરોના વાયરસ જોવા મળ્યો તેની નજીકના મનાતા આ વાયરસને વૈજ્ઞાનિકોએ ડેલ્ટાપ્લસ વેરિયન્ટ (વાયરસ) તરીકેનું નામ આપ્યું છે. બીજી લહેરમાં કોરોનાના કારણે મૃત્યુદર વધવા સાથે દર્દીઓને ઓક્સિજનની તાત્કાલિક જરૂરીયાત પડતી હતી તે આ ડેલ્ટા વોરિયન્ટના કારણે જ થતી હતી જેથી ડેલ્ટાપ્લસને તેનું ભયાનક સ્વરૂપ માનવામાં આવે છે. બીજી લહેરમાં ૬૦ ટકાથી વધુ દર્દીઓ ડેલ્ટા વેરિયન્ટની એટલે કે ઓક્સિજનની અછતની અડફેટમાં આવ્યા અને તેનાથી પણ વધુ ખતરનાક આ વાયરસ ડેલ્ટાપ્લસ ગણાય છે અને જો તે ગુજરાતમાં ભયાનક સ્વરૂપ ધારણ કરે તો સ્થિતિ શું થાય..?? તે પ્રજાએ વિચારવાનું રહ્યું એટલે જ સાવધાની રાખવાની જરૂરી છે.

# જન્મદિને વધામણી



**અમૃતભાઈ પટેલ (નિવૃત્ત ઓફીસર : સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા) તેનપુર, તા.બાયડ**



**ઉમેશભાઈ એન. જયસ્વાલ (સાંઈ મોટર ડ્રાઈવિંગ સ્કુલ-બાયડ) (સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨) બાયડ, જિ.અરવલ્લી**



**સંજય રાજપૂત (લક્ષ્મી મોબાઈલ-બાયડ) બાયડ, જિ.અરવલ્લી**

# જુનાડીસાથી આસેડા અને નવા હાઈવે રોડના સમારકામની પોલ ખુલી

**પ્રથમ વરસાદમાં જ રોડ ઉપર ઠેરઠેર ભુવા અને ખાડા પડી ગયા : સરકારના લાખો ખર્ચાયા છતાં વાહન ચાલકોની હાડમારી યથાવત**

ડીસા તાલુકાના જુનાડીસાથી આસેડા અને નવા સુધી જતા રોડમાં ઠેરઠેર ખાડા પડી ગયા છે જેથી વાહન ચાલકો ભારે હાલાકી જતા વાહનચાલકો અને રાહદારીઓની મુશ્કેલીઓ યથાવત રહી છે જેથી લોકો દ્વારા આક્ષેપો લગાવાઈ રહ્યા છે કે માર્ગ-બહાર આવે અને માર્ગ મકાન વિભાગના એન્જિનિયર અને કોન્ટ્રાક્ટરની સાંઠગાંઠ ખુલે તેવા પણ લોકોએ આક્ષેપો કર્યા



વેઠી રહ્યા છે.

અગાઉ ખખડધજ રોડને લઈ માર્ગ-મકાન વિભાગ દ્વારા આ રોડનું સમારકામ હાથ ધરાયું હતું પરંતુ મોસમના પહેલા જ વરસાદે તંત્રની પોલ ખોલી દીધી હોય તેમ ફરી સમગ્ર રોડ પર ખાડા પડી મકાન વિભાગના એન્જિનિયર અને કોન્ટ્રાક્ટર દ્વારા રોડની કામગીરીમાં ભરપૂર ગેરરીતીઓ આચરાઈ છે અને સરકારના નિયમો નેવે મૂકી દેવાયા છે. ત્યારે આ બાબતે જો તટસ્થ તપાસ કરવામાં આવે તો વાસ્તવિકતા હતા.ત્યારે ડીસાથી પાટણ જતા નેશનલ હાઈવે પર પડેલા ભૂવા અને ખાડાઓને લઈને મોટી જાનહાનિ સર્જાય તે પહેલા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રોડનું ફરી સમારકામ હાથ ધરાય તેવી માંગ ઉઠી છે.

**પાલનપુર શહેરમાં રોગચાળો ન ફેલાય તે માટે**

# આરોગ્ય અને નગરપાલિકાના અધિકારીઓની ટીમો તપાસ કરશે



પાલનપુર

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી પાલનપુર પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવાના અધ્યક્ષસ્થાને આરોગ્ય કચેરી અને નગરપાલિકાના અધિકારીઓ સાથે રોગચાળા અટકાયત મીટીંગ યોજાઈ હતી. પાલનપુર શહેરમાં ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે તા. ૨૮ અને તા. ૨૯ જૂન-૨૦૨૧ના દિવસે આરોગ્ય અને નગરપાલિકાની ટીમો સાથે પાલનપુર શહેરમાં કન્ટ્રક્શન સાઈટો, ટાયરની દુકાનો, હોટલો, ભંગારની દુકાનો, ડૉકટર હાઉસ તેમજ અન્ય દુકાનો કે જ્યાં મોસ્કીટો બ્રીડીંગ (મચ્છરો પેદા) થવાની શક્યતાઓ રહેલી છે. તેવા તમામ સ્થળોની આ ટીમો દ્વારા તપાસ કરવામાં આવશે. આ દરમ્યાન જરૂર જણાય ત્યાં નોટીસ આપીને કે દંડનાત્મક કાર્યવાહી કરીને લોકોમાં જાગૃતિ લાવવામાં આવશે. તેમ બનાસકાંઠા જિલ્લા એપેડેમીક મેડીકલ ઓફિસર ડૉ. એન. કે. ગર્ગે જણાવ્યું છે.

# અરવલ્લીના મોડાસા દોલપુર ગામના મહિલાની તાત્કાલિક ૧૦૮માં પ્રસૂતિ કરાઈ

અરવલ્લી જીલ્લાના દોલપુર ગામના વતની ફિરોજાબીબી છે.તેમને પ્રસૂતિની પીડા ઉપડતા તેઓ સારવાર માટે બાયડ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. પરંતુ તેમનું લોહીનું પ્રમાણ ખૂબ જ ઓછું હોવાથી પ્રસૂતિને સમયે વધુ જોખમ ન થાય તે માટે તેમને મોડાસાની હોસ્પિટલમાં ખસેડવાની જરૂર પડી હતી. જે અંતર્ગત ૧૦૮ નો સંપર્ક કરાયો હતો.સંપર્ક કરતા બાયડ ૧૦૮ ઝડપથી દર્દી ફિરોજાબીબી સુધી પહોંચી હતી. તે સમયે તેમને લઈને મોડાસા હોસ્પિટલ જવા માટે રવાના થાય થયા હતા, પરંતુ મોડાસા પહોંચતા પહેલા જ રસ્તામાં પ્રસૂતિની પીડા વધી જવા પામી હતી.

૧૦૮ એમ્બુલન્સને રસ્તામાં જ સાઈડમાં પર કરીને એમ્બ્યુલન્સના ફરજ પરના ઈ.સ્. અધિકારી રવિ સોલંકી અને પાયલોટ કરણકુમારની સુજબૂઝથી સમય સૂચકતા જાળવી રાખીને પીડિત દર્દી ફિરોજાબીબીની એમ્બ્યુલન્સમાં જ સફળતા પૂર્વક પ્રસૂતિ કરવામાં આવી હતી.ત્યારબાદ ફિરોજાબીબીને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા.

**મોડાસા : શાકભાજી વેચવાની આડમાં ૪૬૪ લીટર**

# દેશી દારૂના પોટલાં સાથે પાંચ મહિલા બુટલેગર પોલીસે ઝડપી, એક બુટલેગર ફરાર

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂના જથ્થા સાથે ઝડપી લીધી હતી પોલીસ ચેકીંગ જોઈ એક હતો ટાઉન પોલીસે પ્લાસ્ટિકના પોટલાં ચેક કરતા પોટલામાં



દારૂની રેલમછેલ જોવા મળી રહી છે મોડાસા તાલુકાના છારાનગર (જીવણપુર)માં દેશી દારૂ ગાળવાનો ગૃહ ઉદ્યોગ ચાલી રહ્યો છે દરરોજ લાખ્ખો-હજ્જારો લીટર દેશી દારૂ અરવલ્લી-સાબરકાંઠા અને અમદાવાદ, ગાંધીનગર જેવા શહેરી વિસ્તારોમાં વિવિધ નાના-મોટા વાહનો મારફતે દેશી દારૂ ઠાલવવાનું સુનિયોજીત રેકેટ ચાલી રહ્યું છે છારાનગરની મોટા ભાગની મહિલાઓ દેશી દારૂની ખેપ મારવા અને વેચાણ સાથે સંકળાયેલી છે.

મોડાસા શહેરના સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં મોટા પ્રમાણમાં દેશી દારૂ ની રેલમછેલ થતી હોવાની અને કેમિકલયુક્ત તાડી નો મોટા પ્રમાણમાં વેપલો થતો હોવાથી છૂટથી મળતા દેશી દારૂના ખપ્પરમાં અનેક પરિવારો હોમાઈ ગયા છે મોડાસા ટાઉન પોલીસે સર્વોદય નગર (ડુંગરી) ત્રણ રસ્તા નજીકથી છારાનગરની ૫ મહીલા બુટલેગરને ૪૬૪ લીટર દેશી બુટલેગર ફરાર થઈ ગયો હતો શામળાજી પોલીસે અમદાવાદના બે બુટલેગરોને વર્ના કારમાં વિદેશી દારૂ ભરી પસાર થતા દબોચી લીધા હતા.

મોડાસા ટાઉન પીઆઈ એન.જી.ગોહીલ અને તેમની ટીમે સર્વોદય નગર (ડુંગરી) ત્રણ રસ્તા પર સઘન ચેકીંગ હાથધર્યુ હતું ટાઉન પોલીસ ચેકીંગ જોઈ પ્લાસ્ટીકના પોટલાં સાથે પસાર થતી ૫ મહિલા બુટલેગર અને એક શખ્સ દેશી દારૂ ભરેલ પોટલાં મૂકી દોટ લગાવતા ટાઉન પોલીસે ૫ મહિલા બુટલેગરને દબોચી લીધી હતી જયારે દિનેશ સવજી છારા નામનો બુટલેગર નાસી છૂટ્યો ઉપરની બાજુએ દૂધીનો જથ્થો અને નીચે સંતાડેલ ૪૬૪ લીટર દેશી દારૂ કી.રૂ.૯૨૮૦/- નો જથ્થો જપ્ત કરી ૧)લક્ષ્મીબેન મનજીભાઈ છારા,૨) પ્રીતિબેન જયેશભાઈ છારા,૩)કરીશ્માબેન પિયુષભાઈ છારા,૪)સોનિકાબેન મંગળભાઈ છારા,૫)કંચનબેન રાજુભાઈ છારા (તમામ રહે,જીવણપુર) ઝડપી પાડી તમામ મહિલા બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ફરાર બુટલેગર દિનેશ સવજી છારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## શામળાજી પોલીસે વર્ના કારના ગુપ્ત ખાનામાંથી ૩૨ બોટલ દારૂ સાથે અમદાવાદના બે બુટલેગરોને દબોચ્યા

શામળાજી પીએસઆઈ આશીષ પટેલે અણસોલ ગામ નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા રાજસ્થાન તરફથી આવતી વર્ના કારને અટકાવી તલાસી લેતા કારની ડેકી પાછળ બનાવેલ ગુપ્તખાના માંથી વિદેશી દારૂની બોટલ-૩૨નો જથ્થો જપ્ત કરી કારચાલક બુટલેગર સોલેમન અંબાલાલ ક્રિશ્ચન (૧૦ રીપબ્લિક ક્રિશ્ચન સોસાયટી, મણીનગર, અમદાવાદ) અને વિજય નેપોલિયન ક્રિશ્ચન (રહે,૧૫ સાઈનાથ રો હાઉસ વટવા,અમદાવાદ)ને વિદેશી દારૂ,કાર સહીત અન્ય મુદ્દામાલ મળી કુલ.રૂ.૨૪૧૪૯૦/- ઝડપી લઈ પ્રોહિબિશન હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# પાલનપુર મહાજન હોસ્પિટલ પાસે ભૂર્ગભ ગટર ઉભરાતા રહીશો ત્રાહીમામ

**ગટરોની સફાઇ કરવામાં ન આવતા ગંદુ પાણી મંદિર સુધી પહોંચ્યુ**

પાલનપુર

પાલનપુર મહાજન હોસ્પિટલ પાસે શુક્રવારે ગટર ઉભરાતા રહિશો ત્રાહીમામ પોકારી ગયા છે.જેથી પાલિકા દ્વારા ગટરોની સફાઈ કરવામાં આવે



**ગટરોના ઠેરઠેર ઢાંકણા ખુલ્લા રિક્ષા ફસાઇ**

મળી રહ્યા છે તો કેટલીક જગ્યાએ ગટરોના ઢાંકણા તૂટી ગયા છે. જેથી અવાર-નવાર સાધનો ફસાઈ રહ્યા છે.જેમાં શુક્રવારે એક રિક્ષાનું ટાયર ફસાઈ જતા મહામુસી બતે બહાર કાઢવામાં આવ્યુ હતુ.

તેવી રહીશોની માંગ ઉઠી છે.

પાલનપુર શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યાઓ રોજીંદી બની છે.જેમાં શહેરના મહાજન હોસ્પિટલ પાસે શુક્રવારે ગટર ઉભારાતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ બાબતે નગરસેવક આશાબેન રાવલે જણાવ્યુ હતુ કે મહાજન હોસ્પિટલ પાસેની ભૂર્ગભ ગટર ઉભરાતા રહિશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ગંદુ પાણી જાહેરમાર્ગ ઉપર રેલાતા લોકોને તે માર્ગ ઉપરથી ચાલવુ પણ મુશ્કેલ બન્યુ છે.જેથી પાલિકા દ્વારા આ બાબતે તપાસ કરી ગટરોની સફાઈ કરાવવામાં આવે તે જરુરી છે.



**મહાજન હોસ્પિટલની બાજુમાં ગટરો ઉભરાતા મંદિર સુધી ગંદુ પાણી આવ્યુ**

છેલ્લા ચાર દિવસથી ગટરનુ પાણી ઉભરાતા રહિશોને રોગચાળો થવાની ભીતી સેવાઈ રહી છે. મંદિર જેવા પવિત્ર સ્થળ પર ગંદુ પાણી આવતા લોકોની ધાર્મિક લાગણી દુભાઈ હતી.

# પાલનપુરમાં હનુમાન શેરી પાસે જર્જરીત મકાનની દીવાલ ધસી પડતાં અફરાતફરી

પાલનપુર શહેરના હનુમાન શેરી નજીક એક જર્જરીત મકાનની દીવાલ અચાનક ધરાસાઈ થતા અફરાતફરી મચી જવા પામી હતી જોકે આ મકાન ની બાજુ માં કામ ચાલતું હોય અહીં મજૂરો કામ કરી રહ્યા હતા પરંતુ આ મંજૂરી ને દીવાલ ધરાસાઈ થવાનો અણસાર આવી જતા તેઓ રોડ પર દોડી આવતા મોટી જાન હાની ટળી હતી જોકે જૂના પાલનપુર વિસ્તારમા ૩૦૦ થી વધુ જર્જરિત મકાનો પડવાના વાંકે ઉભા છે તેમ છતાં પાલિકા દ્વારા આ મકાન માલિકોને મકાન ઉતારવાની નોટિસો આપીને સંતોષ માનવામાં આવી રહ્યો હોય લોકોમાં આ જર્જરીત મકાનોને લઈ મોટી દુર્ગટના સર્જાવાની ભીતી સેવાઈ રહી છે.

પાલનપુરમાં કોટ અંદર વિસ્તારમાં અનેક વર્ષો જુના મકાનો પડવાની હાલતમાં ઉભા છે દર ચોમાસે આ વિસ્તારમાં એક બે મકાન જમીન દોસ્ત થાય છે પરંતુ પાલીકા તંત્ર દ્વારા જર્જરીત મકાનો મામલે કોઈ નક્કર પગલાં ભરવામાં ન આવતા ચોમાસાની ઋતુમાં મોટી દુર્ગટના સર્જાવાની દહેશત વર્તાય છે જે વચ્ચે શહેરની હનુમાન શેરી પાસે મહેન્દ્રકુમાર ભજનલાલ મહેતાના મકાનની દીવાલ ધરાસાઈ થતાં લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી.



## કોટ અંદરના વિસ્તારમાં અનેક મકાનો પડવાની સ્થિતિમાં ઉભા છે

જુના પાલનપુરના કોટ અંદર ના વિસ્તારોમાં અનેક વર્ષો જુના મકાનો સાવ જર્જરીત હાલત માં પડવા ની વાંકે ઉભા છે તેમ છતાં નગરપાલિકા માત્ર આ મકાનો ને ઉતારી લેવાની નોટિસો આપી સંતોષ માની રહી હોય ચોમાસાની ઋતુમાં આ જર્જરીત મકાનો કોઈ દુર્ગટના કે જાનહાની સર્જે તે પહેલા પાલીકા દ્વારા આ મકાનો ઉતારવી લેવા નક્કર કાર્યવાહી કરે તેવી લોકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે